JUDGMENT **C.C.No. 4363/2024**

GJBK040062542024

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧/૧૨/૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | ૧૧/૧૨/૨૦૨૪ |
| નિર્ણય તારીખ | ૨૯/૦૪/૨૦૨૬ |

| સમયગાળો | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
|---|---|---|---|
| | **૦૧** | **૦૪** | **૧૮** |

---

**ડીસાના મે. બીજા એડી. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.ડીસા**

---

**<u>ક્રિમીનલ કેસ નંબર:–૪૩૬૩/૨૦૨૪</u>**
**આંક–**

**<u>ફરિયાદી</u>** :– શ્રી સ ર કા ર.

**વિરુધ્ધ :–**

**<u>આરોપી</u>** :– પ્રધાનજી વેલાજી ઠાકોર,
ઉ.વ.૩૨, ધંધો–મજુરી,
રહે. જુના ડીસા, તા.ડીસા, જી.બનાસકાંઠા.

**<u>ગુનો</u> :–** <u>જુગારધારાની કલમ–૧૨(અ) મુજબ</u>

ફરિયાદપક્ષ તરફે :– વિધ્વાન એ.પી.પી.શ્રી, એસ.એચ. ગૌસ્વામી,
આરોપીપક્ષ તરફે :– વિધ્વાન વકીલશ્રી, વી.એસ. જોષી

**<u>–: ચુ કા દો :–</u>**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ , | ૨૭/૧/૨૦૨૪ |
| એફ.આઈ.આર. ની તારીખ, | ૨૭/૧/૨૦૨૪ |

**રવિકાંત તંવર)**
બીજા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ , | ૧૧/૧૨/૨૦૨૪ |
| પ્લીં ફરમાવ્યાની તારીખ , | ૧૩/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂઆતની તારીખ , | ૨૪/૧૨/૨૦૨૪ |
| ચુકાદો બાકી રાખ્યાની તારીખ , | -- |
| ચુકાદો રાખ્યાની તારીખ , | .૨૯-૦૪-૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ જો હોય તો , | --- |

| **આરોપી નો દરજજો** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર છુટયાની તારીખ** | **નોધાયેલ ગુનાની કલમ-** | **નિર્દોષ કે દોષિત** | **સજા ફરમાવ વામાં આવી** | **બી.એન. એસ.એસ. કલમ ૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમય ગાળો.** |
|---|---|---|---|---|---|---|---|
| - | પ્રધાનજી વેલાજી ઠાકોર, | ૨૭/૧ ૨૦૨૪ | ૨૭/૧ ૨૦૨૪ | જુગારધારાની કલમ- ૧૨(અ) | નિર્દોષ | - | - |

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૭/૧/૨૦૨૪ ના રોજ ડીસા જુની શાક માર્કેટ પાસે ખાડીયા સરસ્વતી

**રવિકાંત તંવર)**
બીજા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ

રેસ્ટોરન્ટ સામે ખુલ્લી જગ્યામાં પોતાના અંગત ફાયદા સારું વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમી, રમાડતાં કુલ રોકડ રૂપીયા ૩૫૧૦ તથા જુગાર સાહિત્ય બોલપેન નંગ–૧, કિંમત રૂા. ૫/– તથા ડાયરી નંગ–૧, કિંમત રૂા. ૦૦.૦૦ ગણી એમ કુલ રૂાન. ૩૫૧૫/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૨(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યા મુજબનું ચાર્જશીટ રજુ કરતા, હાલનો ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આ કામનાં આરોપી હાજર થતા, તેમને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી, આંક–૪ થી તેમનું પ્રાથમિક નિવેદન લેતા, તેમાં તેમણે પોતે સદરહુ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરતા, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ :**

આંક–૦૫ ફરીયાદી : વિરસંગભાઈ વાલુભાઈ રૂપાવટની જુબાની.

આંક–૧૧ પંચ સાહેદ : કિશન ઉર્ફે કાળુ ગણપતભાઈ જસ્વાલની જુબાની.

આંક–૧૩ પંચ સાહેદ :– ગોવિદ ઉર્ફે લાલો જેઠાલાલ પઢીયારની જુબાની.

આંક–૧૪ તપાસ કરનાર : પ્રવિણભાઈ મનાભાઈની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u> :**

આંક–૦૬ ફરિયાદની ખરી નકલ.

આંક–૧૨ આરોપીનાં શરીર સ્થિતીનાં તથા મુદ્દામાલ કબજે કર્યાનાં પંચનામાની ખરી નકલ.

(૪) ફરિયાદપક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું બી.એન.એસ. એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપી એ જણાવેલ છે કે, અમો મજુરી કરીએ છીએ અને ખોટી હકીકત ઉભી કરી, ચાર્જશીટ કરી ખોટો કેસ ઉભો કરેલ છે. અમો નિર્દોષ છીએ.

(૪.૧) ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી, તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી,ની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસનાં આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**મુદ્દા નં.૧** : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૧/૨૦૨૪ ના રોજ ડીસા જુની શાક માર્કેટ પાસે ખાડીયા સરસ્વતી રેસ્ટોરન્ટ સામે ખુલ્લી જગ્યામાં પોતાના અંગત ફાયદા સારું વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમી, રમાડતાં કુલ રોકડ રૂપીયા ૩૫૧૦ તથા જુગાર સાહિત્ય બોલપેન નંગ–૧, કિંમત રૂા. ૫/– તથા ડાયરી નંગ–૧, કિંમત રૂા. ૦૦.૦૦ ગણી એમ કુલ રૂાન. ૩૫૧૫/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૨(એ) મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** : શુ હુકમ?

(૫.૧) ઉપર મુજબનાં મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**રવિકાંત તંવર)**
બીજા એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.ર : આખરી હુકમ મુજબ.

**-// <u>કારણો</u> //-**

**<u>મુદ્દા નં.૧</u> :**

(૬) આ કામે ફરીયાદપક્ષે મુદ્દામાલ કબજે કર્યાનાં પંચનામાની ખરી નકલ આંક-૧ર થી રજુ થયેલ છે અને તેનાં પંચ સાહેદો કિશન ઉર્ફે કાળુ ગણપતલાલ જસ્વાલને આંક- ૧૧ થી અને ગોવિદ ઉર્ફે લાલો જેઠાલાલ પઢીયાર ને આંક- ૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે બે અઢી વર્ષ પહેલાં તેઓ તેમના કામથી ડીસા મુકામે શાકમાર્કેટ તરફ જતો હતો તે વખતે પોલીસે તેમને એક તૈયાર પંચનામામામં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરેલ. પંચનામામાં શું લખેલ તેની તેમને ખબર નથી. પંચનામું આંક-૧ર થી રજુ છે.

આ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપતા ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં પંચનામાની હકીકત પુરવાર થાય તેવો પુરાવો આ કામે રજુ થયેલ નથી. આ પં ચ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલ. પંચનામામાં શું લખેલું તે બાબતે તેઓ કંઈ જાણતા નથી.

(૭) આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી વિરસંગભાઈ વાલુભાઈ રૂપાવટને આંક- પ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા. ર૭/૧/ર૦ર૪ ના રોજ તેઓ તથા પોલીસના અન્ય માણસો પ્રોહી તથા

જુગાર લગત કેસોની રેઈડમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ ડીસા જુની માર્કેટ પાસે ખાડીયા સરસ્વતિ રેસ્ટોરન્ટ સામે એક ઈસમ જુગાર રમી રમાડે છે જેથી બે પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતાં એક ઈસમ બોલપેન વડે કંઈ લખતો હોય પંચો રૂબરૂ તેનું નામઠામ પુછતાં પોતાનું નામ પ્રધાનજી વેલાજી ઠાકોર, ઉ.વ.૫૧, ધંધો- મજુરી જુનાડીસા વાળા હોવાનું જણાવેલ. જેની ડાયરી કબજે કરતા જોતાં અલગ અલગ આંકડાઓ લખેલ હતા. આંકડા બાબતે પુછતાં સદર આંકડા વરલી મટકાનું હોવાનું જણાવેલ. પંચો રૂબરૂ સદર ઈસમની અંગ જડતી કરતા તેના ખીસ્સામાંથી રૂા. ૫૦૦/- ના દરની નોટો રૂા. ૨૦૦/- ના દરની ત્રણ નોટો રૂા. ૧૦૦/- ના દરની ૧૬ નોટો પચાસના દરની ૪ નોટો, ૨૦ ના દરની ૪ નોટો, ૧૦ના દરની ચાર નોટો મળી કુલ રૂા. ૩૫૧૦/- મળી આવેલ. સદર રકમ રૂા. ૩૫૧૦/-ની રકમ તથા બોલપેન,ડાયરી પંચનામાની વિગતે કબજે કરેલ. સદર પ્રધાનજી વેરાજી ઠાકોર સામે જુગારધાની કલમ- ૧૨(અ) મુજબ ફરીયાદ દાખલ કરેલી. જે ફરીયાદ આંક- ૬ થી રજુ છે.

આ કામે ફરીયાદીની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામો જણાવેલ નથી. તેઓને જે બાતમી મળેલી તેની જાણ ઉપલા અધિકારીને મૌખિક જાણ કરેલી. તેમની રેઈડ દરમિયાન પી.આઈ. હાજર ન હતા. શાક માર્કેટ વિસ્તાર બહુ મોટો વિસ્તાર છે. ફરીયાદમાં વાહન નંબર લખાવેલ નથી. ફરીયાદમાં ચલણી નોટોનો નંબર લખાવેલ નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષના ત.ક.અમલદાર શ્રી પ્રવિણભાઈ મનાભાઈને

આંક -૧૪ થી તપાસવામાં આવેલ છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ માં તેઓ ડીસા દક્ષિણ પો.સ્ટે. અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન પી.એસ.ઓ.શ્રી એ એક જુગાર ધારા કલમ- ૧ ૨(અ) ની તપાસ તેમના તરફ રવાના કરેલી. જે અંતગર્ત તેઓએ રેડીંગ પાર્ટીના સભ્યોના નિવેદન લીધેલા. સદર કામે તેઓ આરોપીને અટક કરેલી અને પો.સ્ટે. થી જામીન આપેલા અને સદર કામે તપાસના અંતે પુરતો પુરાવો હોઈ આરોપી સામે કલમ-૧૨ મુજબનું ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં રવાના કરેલ. આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ.

આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે, તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શાકમાર્કેટ વિસ્તાર એ ભરચક વિસ્તાર છે. આ વિસ્તારમાં લોકોની ખુબજ અવર જવર રહે છે. બોલપેન અને ડાયરી તેઓએ કબજે કરી તે સ્ટેશન ડાયરીની દુકાનમાં મળી રહે છે. ડાયરીમાં લખેલ આંકડા કોણ લખેલા હતા તે બાબતની તેઓએ કોઈ ખરાઈ કરેલ નથી. ચલણી નોટો કબજે કરેલી તેના કોઈ નંબરો ખુલેલ નથી. આ કામે કોઈ તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી.

**મુલ્યાંકન :-**

(૯) સદરહુ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતા, આ કામે પંચ સાહેદો રૂબરૂ આરોપીની ઝડતી તપાસ કરતા, તેમની પાસેથી આંક-૧૨ વાળા પંચનામામાં દર્શાવેલ મુદ્દામાલની ચીજ-વસ્તુઓ અને રોકડ રકમ કબજે કરવામાં આવેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ પંચ સાહેદોની હાજરીમાં મુદ્દામાલની ચીજ-વસ્તુઓ તથા રોકડ રકમ આરોપી પાસેથી રીકવર

થયેલાની હકીકતને તથા આરોપીની ઝડતીનું પંચનામું થયેલાની હકીકતને પંચ સાહેદોએ ઈન્કાર કરેલ છે. આમ, જયારે પંચ સાહેદો ફરિયાદ પક્ષનાં કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી, ત્યારે આ કામે પોલીસ સાહેદનો પુરાવો લેવાથી ન્યાયનો હેતુ સરે તેમ જણાતો નથી

વધુમાં ફરિયાદી અને તપાસ કરનાર અમલદારશ્રીની ઉલટ–તપાસ ધ્યાને લેતા, ગુનાવાળી જગ્યા જાહેર જગ્યા હોય અને ત્યાં વાહનોની તથા લોકોની અવર–જવર રહેતી હોય, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. જે ડાયરી કબજે કરવામાં આવેલ તેમાં લખેલ આંકડ કોણે લખેલ હતા તે બાબતે કોઈ ખરાઈ કરેલ નથી. માત્ર પોલીસ સાહેદનો પુરાવો નોંધાયેલ છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદપક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી. આમ, ગુનાવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદ મળી આવે તેમ હોવા છતાં તપાસ કરનાર અમલદારશ્રીએ તેવા કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો મેળવેલ નથી,ત્યારે માત્ર રેડમાં સામેલ એવા તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની જુબાની ઉપર સંપૂર્ણ આધાર રાખી આરોપી ને ગુના સાથે સાંકળવા ન્યાયીક જણાતુ નથી.

આ કામે પંચનામા મુજબ આરોપી પાસેથી એક પેન અને ડાયરી મળી આવેલ છે. ફકત ડાયરી ઉપર નંબર લખેલ હોવા માત્રથી તે જુગારનાં આંકડા લખેલો કાગળ છે તેવું અનુંમાન થઈ શકે નહીં. ફરિયાદપક્ષ તરફે એવો કોઈ સીધો કે સબળ સાંયોગિક પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી કે જેના ઉપર આધાર રાખી આરોપી આંક ફરકનો આંકડાનો જુગાર રમતા રમાડતા હતા તેવું સાબીત થઈ શકે.

(૧૦) આમ, સદરહુ કામે રજુ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧)આ કામનાં **આરોપી પ્રધાનજી વેલાજી ઠાકોરને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ નીકલમ-૨૭૮(૧)** મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ આર્ટીકલ નં.૧ માં જણાવેલ અલગ અલગ દરની ચલણી નોટો કુલ રકમ રૂા.૩૫૧૫/- અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ નિયમોનુસાર નાશ કરવો.

(૩) આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ એ અન્વયે ટ્રાયલ દરમિયાન રજુ કરેલા જામીન ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ડીસા.
તા. ૨૯/૦૪/૨૦૨૬

**( રવિકાંત તંવર)**
બીજા એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
ડીસા
JUDGE CODE NO.01335



**રવિકાંત તંવર)**
બીજા એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ